શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનનું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૪ અંક : ૦૬
જૂન : ૨૦૨૨



મનુષ્યલીલા રે...

કરતા મંગલકારી...

GPL-11 ની પૂર્ણાહુતિ પ્રસંગે વિજેતા ટીમને ટ્રોફી તથા ચેક અર્પણ કરતા પૂજ્ય સંતો તથા મહાનુભાવો - SGVP
આ પ્રસંગે ઉપસ્થિત ક્રિકેટર હર્ષલ પટેલ તથા પોલીસ કમિશ્નર અંસારી સાહેબનું સ્વાગત કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

વેકેશન દરમિયાન SGVP ખાતે યોજાયેલ બાલ સત્સંગ શિબિરમાં ઉપસ્થિત બાળકો

યુ.કે. સત્સંગ યાત્રા દરમિયાન લેસ્ટર ખાતે યોગેશભાઈ ગાંધીના ઘરે વિષ્ણુયાગ તથા
શ્રી કષ્ટભંજન દેવ મંદિર ખાતે યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો

રીબડા - રાજકોટ ગુરુકુલની મુલાકાતે પધારેલા પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા તથા જીગ્નેશદાદા

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૪, જૂન : ૨૦૨૨, અંક : ૦૬

વૈષ્ણવ જન ઉર વાસ અમારો...

વૈષ્ણવ જન ઉર વાસ અમારો,
ભૂતલ ભુવન એ મારું રે,
સંત ધરમની રક્ષા સારુ,
જુગ જુગ જનમ હું ધારું રે. વૈ. ૧
સંત સભા મધ્ય રહું સુખદાયક,
નિરગુણ ધામ પ્રમાણી રે,
અડસઠ તીરથ વંદવા આવત,
મરમ અલૌકિક જાણી રે. વૈ. ૨
ભાવે ભોજન પાન કરાવત,
સંત ને શુભ નરનારી રે,
ગ્રાસે ગ્રાસે ક્રોટિ જગન ફલ,
લેજો વાત વિચારી રે. વૈ. ૩
જીવન મુક્ત જથારથ જાણો,
પ્રાણ થકી ઘણું પ્યારા રે,
દેવાનંદનો નાથ કહે તેને,
નિમખ ન મેલું હું ન્યારા રે. વૈ. ૪

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શ્યામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિજન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. બે પાંચના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એરેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ કરો.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

દિવ્ય માનુષરૂપ એક કરી દિન્હા

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણનું સુપ્રસિદ્ધ નામ 'સહજાનંદ સ્વામી' હતું. નામ પ્રમાણે જ તેમનામાં ગુણ હતા. તેઓ સહજ આનંદનો સાગર હતા. પોતે સદૈવ આનંદમાં રહેતા અને અન્યને આનંદમાં રાખતા હતા. એટલે તો એમનું 'સહજાનંદ સ્વામી' નામ સાર્થક હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રેમનો સાગર હતા. એમના પ્રેમના જાદુએ ભલભલા ચોર-લૂંટારાઓના જીવનને બદલાવી નાખ્યા હતા. એમના પ્રેમના સાગરમાં રાજા-રંક, નાના-મોટા સર્વ સમાઈ જતા હતા.

જેમ માને નાનો દીકરો વધારે વ્હાલો હોય એ જ રીતે એમના પ્રેમનો પ્રવાહ નાના અને એ સમયે ઉતરતા ગણાતા વર્ણો તરફ વિશેષપણે વહેતો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણને સંતો અત્યંત પ્રિય હતા. સંતોને દૂરથી આવતા સાંભળે ત્યારે તેઓ હરખથી સામે જતાં, પોતે સંતોના ઈષ્ટદેવ હતા, છતાં સંતોને ભાવથી દંડવત્ પ્રણામ કરતા, બાથમાં ઘાલીને મળતા, હર્ષથી ગદ્‌ગદ્ થઈ જતા અને નેત્રોમાંથી આંસુઓ વરસવા માંડતા.

ક્યારેક પોતે પ્રેમથી જાતે રસોઈ કરતા અને સંતોને જમાડતા, ક્યારેક પંક્તિમાં સંતોને આગ્રહ કરી કરીને પીરસતા અને પરમહંસોને તૃપ્ત કરી દેતા, ક્યારેક રંગ ભરી પીચકારીઓની ઝડીઓ વરસાવી સંતોને ભીંજવી દેતા. આ રંગઝડીઓનો વરસાદ એમના અંતરના પ્રેમસાગરમાંથી પ્રગટતો અષાઢી મેઘ હતો.

એમના પ્રેમને વશ થયેલા મોટા મોટા સિદ્ધ સંતો અને હરિભક્તો પોતાના પ્રાણોની પરવા કર્યા સિવાય એમના વચનમાં ટૂક-ટૂક થઈ જતા હતા.

નવાઈની વાત એ છે, કે ભગવાન શ્રી સ્વામિનારાયણ ઐશ્વર્યનો સાગર હતા, છતાં તેઓ મોટે ભાગે પોતાના સમસ્ત ઐશ્વર્યને છુપાવીને મનુષ્ય જેવું જ જીવન જ જીવતા હતા.

લાખો લોકો એમને પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ રૂપે માનતા હતા અને ઉપાસતા હતા છતાં તેઓ એક આદર્શ સંતને છાજે તે રીતે નિયમિત માળા કરતા, પૂજા કરતા, ધ્યાન કરતા, તીર્થાટન કરતા, વિવિધ દેવોના મંદિરોમાં દર્શન કરતા, દેવોની ભાવથી પૂજા કરતા, પૂજારીઓને દાન-દક્ષિણા આપી પ્રસન્ન કરતા.

એમની પ્રત્યેક ક્રિયા બાળક જેવી નિર્મળ, નિખાલસ અને સહજ રહેતી. તેઓ રાજી પણ થતા અને રીસાઈ પણ જતાં, પ્રસન્ન પણ થતા અને રોષ પણ કરતા, મંદ મંદ હસતા અને ગંભીર પણ થઈ જતા, હર્ષ પણ કરતા અને શોક પણ કરતા, કોઈને પ્રેમથી હસીને બોલાવતા, તો કોઈ સાથે અબોલા પણ લઈ લેતા.

સ્વભાવથી નિર્ભય હતાં છતાં ક્યારેક ભયભિત થવાનું નાટક પણ કરતા, આકરું તપ પણ કરતા અને ભોજન માટે નાના બાળકની જેમ આકુળવ્યાકુળ પણ થઈ જતા.

એમના મનુષ્યચરિત્રો દિવ્ય રહેતા. આવા ચારિત્રો

ભક્તોને આનંદ ઉપજાવતા તો કેટલાકને વળી લૌકિકભાવ ઉપજાવતા. એમના ચરિત્રો સમજવા એમની ક્રિયાને ઓળખવી ભલભલા માટે ભૂલભુલામણી જેવી રહેતી. શ્રીજી મજારાજના મનુષ્યચરિત્રો નિહાળી અભણ ધન્યતા અનુભવતા તો વિદ્વાનો ભૂલા પડતા.

સુરતના મુનિબાવા મહા આત્મજ્ઞાની હતા. સુરતના કતારગામમાં એમનો આશ્રમ હતો. આશ્રમમાં રોજ જ્ઞાન-ગોષ્ઠીઓ થતી રહેતી, એમના સેંકડો અનુયાયીઓ હતા, જે મુનિબાવાને ભગવાનની જેમ માનતા હતા અને પૂજતા હતા. મુનિબાવાના હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ભારે પૂર્વગ્રહ હતો. તેઓ સ્વામિનારાયણ ભગવાનને દંભી અને પાખંડી માનતા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી કે, 'તમે સુરત જાઓ અને મુનિબાવાને સત્સંગી બનાવો.'

મહારાજની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામીએ સંન્યાસી જેવો વેશ ધારણ કર્યો. વેદાંતનો અભ્યાસ કરવાના નિમિત્તે મુનિબાવાના શિષ્ય થઈને રહ્યા.

બ્રહ્માનંદ સ્વામીની લોકોત્તર પ્રતિભાએ મુનિબાવાને વશ કરી લીધા. એક વખત સમય પારખીને બ્રહ્માનંદ સ્વામીએ પોતાની સાચી ઓળખાણ આપી.

મુનિબાવા ભડક્યા અને બોલ્યા, "એલા બ્રહ્માનંદ ! તારા જેવો પ્રતિભાશાળી પુરુષ આવા પાખંડમાં કેમ ભરાયો?"

સ્વામીએ કહ્યું, "મનિબાવા ! તમે ક્યારેય સ્વામિનારાયણને મળ્યા છો?"

મુનિબાવા બોલ્યા, "ના, બ્રહ્માનંદ!"

સ્વામી કહે, "તમે જેને મળ્યા નથી, એના પ્રત્યે માત્ર કર્ણોપકર્ણ સાંભળેલી વાતોથી નિર્ણય કરવો યોગ્ય નથી. આપ એક વાર એમને મળો, પારખાં કરો, પછી પાંખડ છે કે સત્ય તે નિર્ણય કરો!"

બ્રહ્માનંદ સ્વામીએ મુનિબાવાની ભ્રમણાઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. જ્ઞાનીને જ્ઞાનીની વાત મનાય એમ બ્રહ્માનંદ સ્વામીના વચનમાં મુનિબાવાને વિશ્વાસ બેઠો. તેઓ સત્ય-અસત્યના પારખાં કરવા ગઢપુર આવ્યા.

ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે લોકોત્તર ચરિત્ર કર્યું. બ્રહ્માનંદ સ્વામી મુનિબાવાને લઈને જેવા મહારાજ પાસે આવ્યા, એ જ સમયે મહારાજ અઘોરીની જેમ અડધી હજામતે દહીં અને રોટલો જમવા લાગ્યા.

મુનિબાવા આવા અઘોરી જેવા સહજાનંદને જોઈને ભડક્યા અને બોલ્યા, "બ્રહ્માનંદ ! તું આને ભગવાન કહે છે ? તું મને આ અઘોરીના દર્શન માટે સુરતથી અહીં લાવ્યો? મારે હમણાં ને હમણાં સુરત જવું છે."

બ્રહ્માનંદ સ્વામીને થયું કે, એક તો આને હું માંડ માંડ મનાવીને લાવ્યો છું અને મહારાજે અત્યારે જ આવી અઘોરલીલા કેમ આદરી?

બ્રહ્માનંદ સ્વામીએ મુનિબાવાને માંડ મનાવીને રોક્યા. પછી મહારાજ પાસે જઈને ઠપકાના સ્વરે બોલ્યા, "મહારાજ ! તમને આવા ટાણે આવી લીલા કરવાનું શું સૂઝ્યું? હું કેટલી મહેનતે આને આહીં લાવ્યો છું!"

મહારાજ હસીને કહે, "સ્વામી ! હું તો તમારી પરીક્ષા કરતો હતો કે તમે કાચું માટલું લાવ્યા છો કે પાકું? તમારી ફરજ આ ઘડાને પાકો કરીને મારી પાસે લાવવાની હતી. કાચો ઘડો શા માટો લાવ્યા?"

સ્વામી કહે, "કાચા-પાકાની વાત છોડો, હવે મારે શું કરવાનું છે એ કહો!"

મહારાજ કહે, "સાંજે એમને સભામાં લઈ આવજો, તમારું અધૂરું કામ અમે પૂરું કરીશું."

સ્વામી ખોટી ખોટી રીસ કરી બોલ્યા, "આવશે તો લાવીશ, એ તો સુરત જવાની તૈયારી કરીને બેઠા છે. તમને પણ કટાણે નખરાં કરવાનું સૂઝે છે."

મહારાજ હસીને બોલ્યા, "પ્રયાસ કરજો, આવશે."

બ્રહ્માનંદ સ્વામી મુનિબાવાને જેમતેમ કરી મનાવી સભામાં લાવ્યા. સાંજનો સમય હતો. મુનિબાવા દાદાના દરબારગઢના ચોકમાં પ્રવેશ્યા. એ જ સમયે મહારાજે એમને તેજોમય કૃષ્ણરૂપે દર્શન દીધાં!

મુનિબાવા આભા બની ગયા અને દોડીને મહારાજનાં ચરણોમાં ઢગલો થઈ ગયા અને બોલ્યા, "સવારે જોયા હતા એ સહજાનંદ સાચા કે અત્યારે જોઉં છું એ સાચા?"

મહારાજ હસીને કહે, "મુનિબાવા! જ્યાં સવાર અને સાંજના રૂપ એકાકાર થઈ જાય, એ સહજાનંદ સાચા. દિવ્ય માનુષરૂપની એકતા કરવામાં જ જ્ઞાનનો મર્મ સમાયેલો છે."

"દિવ્ય માનુષરૂપ એક કરી દિન્હા
અલખ ભયો હૈ બાત નવીના !"

ભગવાન શ્રી સ્વામિનારાયણનો અલૌકિક પ્રભાવ નજરે નિહાળ્યા પછી મુનિબાવાની ભ્રમણાઓ દૂર થઈ ગઈ. તેઓ પોતાનાં આત્મજ્ઞાનનું અભિમાન છોડીને ભગવાન શ્રી સ્વામિનારાયણને શરણે થયા.

કતારગામમાં મુનિબાવાનો આશ્રમ આજે પણ વિદ્યમાન છે અને એ સ્થળે ભગવાન શ્રી સ્વામિનારાયણનું સુંદર મંદિર છે.

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી.....

- શાસ્ત્રી શ્રુતિવલ્લભદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણે કચ્છ, ગુજરાત, કાઠિયાવાડ, સૌરાષ્ટ્ર, વાગડ, ક્રાનમ વગેરે દેશોમાં અનેક લીલાઓ કરી છે જે મંગળકારી, આનંદકારી અને કલ્યાણકારી છે. મહારાજનો હેતુ જીવને બ્રહ્મરૂપ કરી પોતાની મૂર્તિનું સુખ આપવું અને પ્રેમી ભક્તોની ભાવનાને પૂર્ણ કરવાનો હતો.

ભક્તોના સુખને ખાતર મહારાજ દિવ્ય ચરિત્ર પણ કરે અને મનુષ્ય ચરિત્ર પણ. મહારાજની મનુષ્યલીલામાં ક્યારેય મનુષ્યભાવ આવવા ન દેવો. લીલા કલ્યાણકારી જ હોય છે. ભગવાનની કોઈ ક્રિયા ભગવાનને બાંધતી નથી. એ તો જે એ લીલાનું સ્મરણ કરે એની પણ મુક્તિ થઈ જાય. મહારાજની દરેક ક્રિયા કલ્યાણકારી છે. જે ભક્ત ભગવાનની ક્રિયાને કે લીલાને નિર્ગુણભાવથી, દિવ્યભાવથી સંભારે કે ગાય, તો એ પણ નિર્ગુણ થઈ જાય. 'અંતકાળે જો એ લીલાની સ્મૃતિ થઈ આવે તો જીવ પરમ પદવીને પામે' એ વાત ગઢડા પ્રથમ પ્રકરના ત્રીજા વચનામૃતમાં કહી છે.

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું અને એ સર્વને સંભારી રાખવા. તે શા સારૂ ? જે, કદાપિ દેહ મૂકયા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તો પણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય. તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે, તો તેને ભગવાનનાં ધામની પ્રાપ્તિ થાય."

(ભક્તોને સંશય થાય કે મહારાજ શા માટે મનુષ્યભાવે વર્તે છે ? તો એનો હેતુ મહારાજે પંચાળાના ચોથા વચનામૃત 'મનુષ્યભાવમાં દિવ્યભાવનું, ભગા મૂળાનું'માં સમજાવ્યું છે. એની સાથે લોયાનું અઢારમું વચનામૃત પણ અચૂક વાંચવું).

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાત... એક દિવસ સ્વામી સૂતા હતા તે બેઠા થઈને પ્રશ્ન પૂછયું જે, 'સારામાં સારું તે શું છે ? ને ભૂંડામાં ભૂંડું તે શું છે ?' ત્યારે કોઈ બોલ્યા નહિ. ત્યારે સ્વામી બોલ્યા જે, 'સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે, તેથી કાંઈ સારું નથી. ને તેથી કાંઈ સારું સમજવાનું પણ નથી, ને ભૂંડામાં ભૂંડું શું છે ? જે આ ભગવાન ને સાધુને વિષે મનુષ્યભાવ આવે છે, તેથી બીજું કાંઈ ભૂંડું નથી.'

અને સત્પુરુષને વિષે પણ ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો. જ્ઞાનપણારૂપી દરવાજે ઊભા રહેલા સત્પુરુષોની ક્રિયા ને સ્વભાવ સામાન્ય માણસની જેવા જ

હોય છે પણ એ ક્યારેય માયાના બંધનમાં આવે એમ નથી. એ તો કોઈ વીરલો જ મહાપુરુષોની ક્રિયાને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ શકે છે કે આવા ગુણ સામાન્ય માણસમાં ન હોય. પણ મૂઢને એ કળ્યામાં ન આવે.

શ્રીજી મહારાજની એક એક લીલામાં જીવનું કલ્યાણ અને ભક્તનું સુખ સમાયેલું હોય છે. ક્યારેક ભક્તોને સુખ થાય એ માટે લીલા કરતા હોય છે તો ક્યારેક ભક્તોના મનોરથો પૂર્ણ કરવા એની લીલાને તો કોઈ પાર પામી શકે તેમ નથી.

શ્રીજી મહારાજે ગઢપુરમાં દિવ્ય-માનુષી અનેક લીલાઓ કરી છે. અહીં કેટલીક એવી લીલાઓનું પાન કરીએ, કે જેમાં શ્રીજી મહારાજે મનુષ્યભાવ વધારે પ્રગટ કર્યો છે.

મહારાજે સંન્યાસીનો વેષ ધારણ કર્યો

શ્રીજી મહારાજ અચાનક સંતોની ધર્મશાળામાં પધાર્યા અને તમામ સંતોને બોલાવી સભા કરી. મહારાજ કહે, "સંતો! અમારે સંન્યાસી થઈ જવું છે."

મહારાજનાં વચનો સાંભળી સંતો વિચારે ચડ્યા. પછી સંતોએ કહ્યું, "મહારાજ! કેમ સંન્યાસી થવું છે ?"

મહારાજ કહે, "અહીં રસોઈ બહુ અશુદ્ધ થાય છે, એટલે અમારે અહીં નથી રહેવું અને સંન્યાસી થઈ જાવું છે."

બ્રહ્માનંદસ્વામી અને મુક્તાનંદ સ્વામી સમજી ગયા કે, મહારાજ આજ અનોખા મૂડમાં છે. બ્રહ્માનંદ સ્વામી કહે, "ભલે મહારાજ! જેવી તમારી મરજી."

બનવાજોગ સુરાખાચર પણ ત્યાં હાજર હતા, એટલે એમણે પણ બ્રહ્માનંદ સ્વામીની વાતમાં સૂર પૂરાવ્યો.

"લાવો સંતો, મારે ભગવા કપડાં પહેરવાં છે." મહારાજે કહ્યું.

સહુ સંતોએ પણ મહારાજની લીલામાં રસપૂર્તિ કરી અને ભગવા કપડાં મહારાજને આપ્યાં. મહારાજે જરિયાની વસ્ત્રો ઊતારી ભગવી અલફી પહેરી સંન્યાસીનો વેષ લીધો. સુરાખાચરે મહારાજનાં વસ્ત્રોનું પોટલું બાંધ્યું.

ત્યાં બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, "મહારાજ! હવે તમારે ધાતુના પાત્રને અડાય નહીં. તમારે તો તૂંબડું તથા પત્તર રાખવું જોશે."

મહારાજ કહે, "લાવો ત્યારે."

સંતો હરખભેર તૂંબડું અને પત્તર લઈ આવ્યા. એમાં વૈરાગી નિષ્કુળાનંદ સ્વામી તો એમની પાસે જે વાંકીચૂકી તુંબડી હતી તે લઈને આવ્યા અને મહારાજની પાસે મૂકી. મહારાજે પણ એ જ વાંકી તુંબડી હાથમાં લીધી અને પોતાની ઝોળીમાં મૂકી. એ જોતાં જ બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, "મહારાજ તૂંબડી તો સીધી લ્યો."

મહારાજ કહે, "વાંકી તુંબડીએ ક્યાં વાંકી ધાર થાય છે. ધાર તો સીધી જ થાવાની ને!"

મહારાજે ખભે ઝોળી નાખી અને એક હાથે દંડ લીધો. સુરાખાચર મહારાજનાં વસ્ત્રોનું પોટલું લઈ દરબારગઢમાં ગયા. મોટીબા, લાડુબા વગેરે બહેનોને કહ્યું, "જેને દર્શન કરવાં હોય તે કરી લ્યો, મહારાજ સંન્યાસી થયા છે અને ગામડાં ફરવા જાય છે."

બહેનો પણ મહારાજની મનુષ્યલીલાને સમજી ગયા અને અંદરોઅંદર સંપી ગયા.

"દરબાર! એવું તે શું થયું કે મહારાજને સંન્યાસી થવું પડ્યું? અમારાથી કાંઈ ભૂલ થઈ?" મોટીબાએ પૂછ્યું.

સુરાખાચર કહે, "તમે રસોઈમાં અશુદ્ધિ બહુ રાખો છો એટલે મહારાજે સંન્યાસી થવાનો નિર્ધાર કર્યો છે." બાપુએ બધી વિસ્તારથી વાત કહી.

લાડુબા સમજી ગયા અને કહ્યું, "અમોએ મહારાજનાં દર્શન બહુ જ કર્યાં છે, પણ સંન્યાસીના વેષમાં દર્શન કર્યાં નથી. માટે મહારાજને કહો જે છેલ્લી વખત દર્શન આપતા જાય."

'હા' ભણી સુરા બાપુ મહારાજ પાસે આવ્યા અને કહ્યું, "મહારાજ! દરબારમાં વાતું થાય છે કે મહારાજ સંન્યાસી થયા તે બહુ સારું થયું, પણ એક વખત અમને દર્શન દેતા જાય એવું કહેવરાવ્યું છે."

"ચાલો તો અમે દર્શન દેવા જઈએ." પછી સંત તથા પાર્ષદ સહિત મહારાજ દરબારમાં પધાર્યા. વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ ચાકળો નાંખી તે ઉપર વિરાજમાન થયા. સુરાબાપુ પણ મહારાજ સાથે દરબારગઢમાં ગયા.

સહુ બહેનો મહારાજનાં દર્શન કરવાં ભેગાં થઈ ગયાં. ભગવાં વસ્ત્રો, ખભે ઝોળી અને હાથમાં દંડ ધારણ કરેલા એવા સંન્યાસીના વેષમાં મહારાજનાં દર્શન કર્યાં. સહુ બહેનો મહારાજનાં દર્શન કરતાં જાય અને હસતાં જાય. કોઈનાથી હાસ્ય રોકાતું નથી.

ત્યાં લાડુબા મર્મમાં બોલ્યાં, "મહારાજ! હવે તમારે અગ્નિને અડાશે નહીં અને તમે જ્યાં વિચરણ કરવા જશો ત્યાં તમારે માટે પવિત્ર બ્રાહ્મણ સ્ત્રીઓએ રસોઈ તૈયાર રાખી હશે. અહીંયાં તો મોટીબાને બે-ચાર છોકરાં ને મારે બે-ચાર છોકરાં તે અહીં ચોખ્ખું ક્યાંથી થાય ? ત્યાં

બ્રાહ્મણિયું નાહી-ધોઈ ચોખ્ખા થઈ તમારા સારું રસોઈ તૈયાર કરીને બેઠી હશે.''

વળી લાડુબા એમ બોલ્યાં જે, ''રાતે છોકરાં ઝાડે ફરેલાં હશે તે એક કોરે ઢાંકેલું હશે અને એક છોકરું ખોળામાં ઝાડે ફરેલું હશે, તે લઈ રોટલા કરતી હશે. વળી નાકમાંથી શેડા કાઢતી જતી હશે અને રોટલા કરતી હશે. મહારાજ! આવી શુદ્ધિ અમારે ત્યાં ક્યાંથી?''

આવી અનાચારની વાત સાંભળી મહારાજ બોલ્યા, ''અરરર....આવાં ગોબરા!!''

સુરા ખાચર કહે, ''હા મહારાજ! ત્યાં તો એવું જ હોય ને!''

આવું સાંભળી મહારાજે તરત દંડ હાથમાં હતો તે લીંબડા નીચે ઘા કરી નાંખ્યો. ભગવાં લૂગડાં જે પહેર્યાં હતાં તે ફળિયામાં ઊડાડી નાંખ્યાં અને મહારાજ બોલ્યા, ''લાવો અમારાં લૂગડાં, અમારે પહેરવાં છે.''

સુરા ખાચર પોટલું આગળ મૂકતા બોલ્યા જે, ''લ્યો મહારાજ! તૈયાર જ છે.''

પછી મહારાજ પોતાનાં વસ્ત્ર પહેરી હસતાં હસતાં ઉતારે પધાર્યા.

આ રીતે મહારાજે સંન્યાસીનો વેષ ધારણ કરી ભક્તોને સુખ આપ્યું.

ભગવાનનાં ચરણોમાં બુદ્ધિ વિરામ પામે ત્યારે જ લીલાનું સુખ આવે. મહારાજમાં સહજ પ્રેમ હોય અને ભક્તિથી હૃદય ભરેલું હોય, ત્યારે જ મનુષ્યલીલાનું સુખ આવે. સર્વના નિયંતા, સર્વના સ્વામી હોવા છતાં એક સામાન્ય મનુષ્યની પેઠે આચરણ કરવું એ નાની વાત નથી. એ તો સર્વ સમ્રાટ રાજાધિરાજ છે, અનંત કોટિ બ્રહ્માંડોના ઈશ્વરો, દેવતાઓ પણ એની આજ્ઞામાં રહે છે. એને કોઈની અપેક્ષા નથી. સર્વના નિયામક, પૂર્ણ સ્વતંત્ર છે, સર્વ કર્તા-હર્તા હોવા છતાં મહારાજ કહે છે, 'હું તો ભક્તનો પણ ભક્ત છું.'

પોતાના ભક્તની ખાતર ભગવાન નાના થાય અને એને સુખ થાય એમ વર્તે. ભગવાન જે કરે છે એ ભક્તને ધ્યાનમાં રાખીને કરે છે. આસુરી બુદ્ધિવાળાને એમાંથી ક્યારેય સુખ ન થાય. જેને ભગવાનની ક્રિયામાં મનુષ્યભાવ આવે, તેને ક્યારેય લીલાનો આનંદ આવતો નથી.

ભક્તિમાતાનું શ્રાદ્ધ

મહારાજની અનેક મનુષ્યલીલાઓ છે. વાર-તહેવારોની સાથે પણ મહારાજની લીલા જોડાયેલી છે. ક્યારેક રંગોત્સવમાં લીલા કરે તો ક્યારેક શાકોત્સવ જેવા ઉત્સવોમાં.

ભાદરવાનો શ્રાદ્ધ પક્ષ ચાલુ હતો. મહારાજ સભા ભરીને બેઠા અને સહુ સાંભળે એમ બોલ્યા, ''તમે સૌ તમારા માતા-પિતાનું શ્રાદ્ધ કરો તો અમારે અમારા માતા-પિતાનું શ્રાદ્ધ કરવું કે નહીં?''

મહારાજની વાત સાંભળતાની સાથે જ દાદા ખાચર બે હાથ જોડીને બોલ્યા, ''અરે મહારાજ! તમે કહો કોનું શ્રાદ્ધ કરવું છે?''

''હા મહારાજ! તમે કહો તેનું શ્રાદ્ધ કરીએ.'' લાડુબા વગેરે બહેનોએ પણ હાથ જોડીને વિનંતી કરી.

મહારાજ કહે, ''નોમના દિવસે અમારે ભક્તિમાતાનું શ્રાદ્ધ કરવું છે.''

આખરે જેની કુખે મહારાજ અવતર્યા એ મુક્તાત્મા એટલે ભક્તિમાતા. એમનું શ્રાદ્ધ કરવાનો સહુ કોઈના મનમાં આનંદ હતો. ભાદરવા વદિ નોમના દિવસે ગઢડાના ભક્તો ભેગા થયા, સહુના મનમાં એક જ રટના લાગી છે કે મહારાજ આજે માતાજીનું શ્રાદ્ધ કરવાના છે. તૈયારીઓ શરૂ થઈ ગઈ. દશ-વીશ મણ દૂધ ભેગું કર્યું. એનો દૂધપાક કરવામાં આવ્યો. સંતો પાસે સાત પડ રોટલી કરાવી.

પછી મહારાજે સંતોને કહ્યું, ''મારે પહેલા એક પવિત્ર બ્રાહ્મણ જમાડવો છે. માટે પવિત્ર બ્રાહ્મણ કોણ હશે?''

ત્યારે મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી મૂળજી બ્રહ્મચારીની સામે ઇશારો કરી બોલ્યા, ''મહારાજ! આ મૂળજી બ્રહ્મચારી જેવો પવિત્ર બ્રાહ્મણ બીજો કોણ હોઈ શકે?''

મહારાજ કહે, ''એ વાત સાચી. બ્રહ્મચારી પહેલા તમે જમી લ્યો, પછી મારે શ્રાદ્ધ નાંખવું છે.''

''અરે મહારાજ! એ તો કેમ બને? તમે મારા સ્વામી કહેવાઓ. તમને જમાડ્યા વિના મારે જમાય નહીં.'' બ્રહ્મચારીએ કહ્યું.

મહારાજ કહે, ''આજે અમારા માતાજીનું શ્રાદ્ધ છે, માટે પહેલા તમે જમી લ્યો.''

''મહારાજ! સૂરજ આથમણો ઊગે તોય એ નહીં બને.''

ન બ્રહ્મચારી એક ના બે થાય, ન મહારાજ હઠ મૂકે. મહારાજ કહે, ''બ્રહ્મચારીને જમાડ્યા વિના શ્રાદ્ધ ન નાખું. એમ કહી મહારાજ બેસી ગયા.''

બીજી બાજુ બધાને જમાડવાની તૈયારી થઈ ગઈ હતી. મહારાજ શ્રાદ્ધ નાખે એટલી જ વાર હતી. સહુ કોઈ આ ઘડીની રાહ જોઈ રહ્યા હતા. બેમાંથી કોઈ માને નહીં. સંતો વિચાર કરે,

આ તો ખરો ખેલ થયો. પછી ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્મચારીને સમજાવ્યા, "બ્રહ્મચારી ! તમારે લીધે બધું અટક્યું છે અને મહારાજ તમને જમાડ્યા વિના નહીં જમે. સંતોની પંક્તિ થઈ ગઈ છે, માટે મોઢું ન કરો ને જમી લ્યો."

પછી મૂળજી બ્રહ્મચારીએ તેમનાં સેવક વૈકુંઠ બ્રહ્મચારીને કહ્યું, "એ વૈકુંઠિયા ! લાવ મારું પત્તર. અમથા મહારાજ કેડ નહીં મૂકે."

પછી ભોળા-ભલા-નિર્દોષ, નિખાલસ, ભગવાનને વિષે અતૂટ નિષ્ઠાવાળા બ્રહ્મચારીને મહારાજે પીરસ્યું અને બ્રહ્મચારી મહારાજને રાજી રાખવા બે ગ્રાસ જમ્યા.

પછી મહારાજે દૂધપાક તથા રોટલી પાત્રમાં ચોળ્યાં અને હાથમાં થાળી લઈ અંતરવાસ છેડો નાંખ્યો (શ્રાદ્ધ સરાવતાં ખભા ઉપર નાંખવામાં આવતું વસ્ત્ર). પછી ઉત્તરાદા બારના ઓરડા ઉપર વાસ નાખવા મંડ્યા. તે પ્રસાદી લેવા માટે દેવો સમળીઓનાં સ્વરૂપ ધારણ કરીને આવ્યા. તે મહારાજ જ્યાં ઓરડા ઉપર ઘા કરે ત્યાં અદ્ધરથી બધાં પક્ષીઓ ઝીલી લ્યે.

પછી મહારાજે પંક્તિમાં પીરસી સંતોને ખૂબ જમાડ્યા. સંતો જમી રહ્યા પછી મુક્તાનંદ સ્વામીને કહ્યું, "કેમ સ્વામી! હવે ઠીક ને?"

ત્યારે સત્સંગની મા મુક્તાનંદ સ્વામી બોલ્યા, "મહારાજ ! ગામમાં ચોરાશી થાય અને એક બ્રાહ્મણ ભૂખ્યો રહી જાય તો ચોરાશી અધૂરી કહેવાય."

મહારાજ કહે, "સ્વામી! બધા બ્રહ્મચારીઓને જમાડ્યા, પાંચસો પરમહંસો જમ્યા અને હવે કોણ બાકી રહે છે?"

"મહારાજ ! તમે સચ્ચિદાનંદ સ્વામીને ત્રણ દિવસ થયા કાઢી મૂક્યા છે. જીવ તો ભૂલ કરે. નાની એવી ભૂલની બહુ મોટી સજા થઈ. મહારાજ ! દયા કરો. સ્વામી ઘેલા કાંઠે ત્રણ દિવસના ભૂખ્યા છે."

મહારાજ ભાવભીના થઈ ગયા અને બોલ્યા, "જાવ. કોણ જાશે સ્વામીને બોલાવા?"

મહારાજના વચનો સાંભળી માનજી લૂલા હતા તે દોડ્યા. આ બાજુ સ્વામીની આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે. મહારાજના દર્શન ન થાય ત્યાં સુધી સ્વામીને ચેન ન પડે અને આજે તો ત્રણ દિવસ થઈ ગયા. મહારાજ અહીં જ છે, છતાં મહારાજની આજ્ઞા ન હોવાથી દર્શન થતાં નથી. મહારાજને આર્તનાદથી પ્રાર્થના કરે છે, સંભારે છે, ત્યાં દૂરથી અવાજ આવ્યો, "સ્વામી... સ્વામી...! મહારાજ તમને બોલાવે છે."

આમ જ્યાં સાંભળ્યું ત્યાં તો સચ્ચિદાનંદ સ્વામીએ દોટ મૂકી. દરબારગઢમાં આવ્યા અને મહારાજને જોતાંની સાથે જ ભાન ભૂલ્યા. મહારાજને ભેટી પડ્યા.

સચ્ચિદાનંદ સ્વામી તો પ્રેમની મૂર્તિ છે, ક્યારેક દેહભાન ભૂલી જાય અને મહારાજને ચાટવા માંડે. આ પ્રેમીને આજે ત્રીજે દિવસે મહારાજનાં દર્શન થયાં. હવે એ હાથમાં કેમ રહે!

મહારાજ કહે, "સ્વામી ! રાખો રાખો. હવે અમારી ચોરાશી પૂરી કરો ને જમવા બેસો."

સ્વામીને જમવા બેસાડ્યા, પણ પત્તર નહીં, એટલે એક તાસ પડ્યો હતો તે મહારાજે સ્વામી પાસે મૂક્યો. પછી મહારાજે દૂધપાકના એક સાથે ત્રણ ડંકા ભરીને નાંખ્યા અને એક ખડકલો રોટલીનો મેલ્યો. પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું, "કેમ સ્વામી! હવે?"

સ્વામી કહે, "મહારાજ! હવે ચોરાશી પૂરી થઈ રહી."

મહારાજની સાથે ક્યારેક મોટા સંતો પણ એમાં સૂર પૂરી અનેકનું કલ્યાણ કરી નાંખે.

સંસારીઓના શ્રાદ્ધ કરતાં મહારાજ શ્રાદ્ધ કરે એ વાત નોખી છે. સંસારીઓનું શ્રાદ્ધ તો એક વિધિ પૂરતું સિમિત હોય, પણ મહારાજની શ્રાદ્ધ લીલામાં તો અનેકનું કલ્યાણ સમાયેલું હોય છે.

ક્યારે, કેવી લીલા, ક્યા હેતુથી શ્રીજી મહારાજ કરે છે એ સમજવું ભારે કઠણ છે. મનુષ્યલીલાનો હેતુ ક્યારેક સમજાય અને ક્યારેક ન પણ સમજાય. ભગવાનનાં ચરિત્રોને સમજવા બ્રહ્મા પણ ભૂલ ખાઈ જતા હોય, તો સામાન્ય જીવની તો શી ગણના ? લીલાના ગૂઢ રહસ્યને તો કોઈક વિરલો જ પામી શકે. એ પણ ભગવદ્ કૃપાથી.

માંડવધારના ગોવાળોનું કલ્યાણ

બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર એટલે મહારાજના પ્રિય સખા. એ બેઠા હોય અને રમૂજ ન થાય એવું તો ભાગ્યે જ બનતું હશે. આ સખા જેવું મહારાજને કહી શકે, રમૂજ કરી શકે ? એવું તો બીજું કોણ કરી શકે ? અને મહારાજના સખા થવું એ નાની વાત નથી અને સરળ પણ નથી. એમનો સખાભાવ વિવેકથી ભર્યો છે. ભક્તિ અને સમર્પણથી શોભે છે. મહારાજની આજ્ઞા એટલે આજ્ઞા. મહારાજની સાથે સખાભાવે રહેવા છતાં ક્યારેય આજ્ઞામાં બાંધછોડ કરી નથી.

એક દિવસ બ્રહ્માનંદ સ્વામી તથા સુરા ખાચરે મહારાજને કહ્યું જે, "મહારાજ ! સૌની પાસેથી રસોઈ લ્યો છો, પણ તમે કયે દિવસે રસોઈ આપશો ?"

મહારાજ કહે, "બધી હું જ અપાવું છું ને."

બ્રહ્માનંદ સ્વામી તથા સુરા ખાચરે કહ્યું, "મહારાજ ! દૂધપાક-પૂરીની રસોઈ આપો." મહારાજ કહે, "મારે એક ઘેરથી દૂધ ભેળું કરી સંતને જમાડવા છે, પણ મહિના પછી, હમણાં નહીં."

આ વાતને પચીસ દિવસ થયા, પણ મહારાજે રસોઈની વાત ઉચ્ચારી નહીં. પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "મહારાજ ! મહિનો થવા આવ્યો, પણ રસોઈના કોઈ એંધાણ નથી દેખાતા. કયા દિવસ રસોઈ આપશો ?"

મહારાજ કહે, "મેં તમને મહિનાનો સમય આપ્યો હતો. હજુ ક્યાં મહિનો પૂરો થયો છે ?"

પછી એક દિવસ આડો રહ્યો ત્યારે મહારાજે કોઈને ખબર ન પડે એમ તૈયારી શરૂ કરી.

ગઢડાની બાજુમાં માંડવધાર ગામ છે. એ ગામમાં ગોવાળોનો વસવાટ. દૂધનો વેપાર કરનારા. એમાં એક ગોવાળ શ્રીજી મહારાજનો દ્વેષી. એને ખબર પડી કે સ્વામિનારાયણને દૂધની જરૂર છે. એટલે એ બહારગામ જતાં જતાં ઘરનાને કહેતો ગયો કે સ્વામિનારાયણવાળા દૂધ લેવા આવે, તો આપશો નહીં. જ્યારે આ બાજુ મહારાજે પણ નક્કી કર્યું કે મારે એના ઘરનું જ દૂધ લેવું.

વહેલી સવારે ગોવાળ બીજે ગામ ગયો અને મહારાજે એ જ ગોવાળનું રૂપ ધરી એના ઘરે આવ્યા. ત્યાં એના ઘરનાં બોલ્યાં, "કહેતા હતાં ને પંદર દિવસ પછી પાછો આવીશ ને પાછા કેમ વળ્યા ?"

ગોવાળના વેષે મહારાજ કહે, "તું હાંભળ તો ખરી, હું જતો હતો ત્યાં રસ્તામાં એક સર્પ દોડ્યો આવતો હતો અને હું ભયના મારે લીંબડાના ઝાડ ઉપર ચડી ગયો. અને તે સર્પ લીંબડાને ફરતો આંટો ફરી, ફેણ માંડી, મારી સામે બેઠો. તે જો હું ઊતરું તો મને કરડે. પછી મેં માનતા કરી જે, અહીંથી જો સર્પ ભાગી જાય તો સ્વામિનારાયણને દૂધપાકની રસોઈ આપવી. જેવી મેં માનતા માની કે તરત જ તે સર્પ ભાગી ગયો. તે માટે તને હું કહેવા આવ્યો છું જે, આપણી ગાયોનું સાત-આઠ મણ દૂધ થાય છે તે દોહી દૂધ તું ગઢડે પહોંચાડજે."

"તમારી સ્વામિનારાયણ બાપાએ રક્ષા કરી તો તો મારે ગમે તેમ કરી ગઢડા દૂધ પહોંચાડવું રહ્યું. તમે ચિંતા ના કરશો, તમારી માનતા હું કાલે જ પૂરી કરી દઈશ." બાઈએ હરખાતા કહ્યું.

આમ વાતો થાય છે ત્યાં ગોવાળનો નાનો ભાઈ આવ્યો અને બધું પૂછવા લાગ્યો, "શું વાતો કરો છો ?"

ત્યારે બાઈ કહે, "તમારા ભાઈને કષ્ટ આવ્યું હતું, તે માંડ જીવતા આવ્યા છે અને તેણે માનતા કરી છે જે, આપણી ગાયોનું જેટલું દૂધ થાય તે સ્વામિનારાયણને પૂગાડવું."

ત્યારે તેનો ભાઈ બોલ્યો જે, "એમાં શું ? મારી ગાયોનું દૂધ પણ ભેળું આપીશ."

બીજે દિવસે વહેલી સવારે ગાયું દોહી, દૂધના હાંડા ભરી સૌ ગઢપૂર આવ્યા.

અહીં, મહિનો પૂરો થતાં બ્રહ્માનંદ સ્વામી કહે, "મહારાજ ! મહિનો પૂરો થયો. દૂધપાકની રસોઈ ક્યારે આપવી છે ?"

આમ વાત કરે છે, ત્યાં દૂધના ગાડા આવ્યાં ને મહારાજ બોલ્યા, "આમ જુવો." સંતોએ પાછું વળીને જોયું ત્યાં તો દૂધના ગાડાં. 'માંડવધારના ગોવાળોનું દૂધ' - એ વાતની જાણ થતાં જ બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર સમજી ગયા. દ્વેષ રાખનારા ગોવાળિયાઓ મહારાજ માટે દૂધ લઈને આવે એ માન્યામાં આવતું નથી. નક્કી મહારાજે કોઈનામાં પ્રવેશ કર્યો છે, નહીં તો આવું બને નહીં.

મહારાજની આજ્ઞા થતાં દૂધપાકની રસોઈ તૈયાર થઈ. મહારાજે આગ્રહ કરી કરીને બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને જમાડ્યા.

થોડા દિવસ થયા એટલે તે ગોવાળ વઢિયારમાંથી ગાયું લઈને પાછો આવ્યો. ઘરે આવી ઘરવાળીને પૂછ્યું, "સ્વામિનારાયણને દૂધ નથી આપ્યું ને ?"

બાઈ કહે, "તમે કહી ગયા હતા ને દૂધ પૂગાડવાનું ?"

"અરે, હું તો ના પાડી ગયો હતો !"

ભાઈ કહે, "તમે જ કહેવા આવ્યા હતા !" પછી ઉપલી બધી વાત કહી દેખાડી. આ બધું સાભળી દ્વેષથી ભરેલો ગોવાળ કહે, "ચાલો, આપણે સ્વામિનારાયણને વઢવા જઈએ."

પાછી ગઢડે આવ્યા. દરબારગઢમાં મહારાજ વિરાજમાન હતા ત્યાં દર્શન કર્યાં અને મહારાજને કહેવા લાગ્યા જે, "કેમ તમે અમારું દૂધ લીધું ?"

મહારાજ કહે, "તમે દેવા આવ્યા ત્યારે લીધું, અમે ક્યાં લેવા આવ્યા હતા ?" આમ જ્યાં મહારાજે કહ્યું ત્યા તો સૌ ગોવાળને શ્રીકૃષ્ણરૂપે મહારાજનાં દર્શન થયાં સૌ દોડી મહારાજના પગમાં પડી ગયા. "હે સ્વામિનારાયણ ! અમારી ભૂલ થઈ. અમને સ્વીકારો. તમારે શરણે લ્યો, પ્રભુ !" પછી સહુ કોઈ વર્તમાન ધારી સત્સંગી થયા. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા.

ધન્ય છે એ ગોવાળને કે જેનો વેષ મહારાજે લીધો અને ધન્ય છે મહારાજને કે દ્વેષ રાખનારને પણ પોતાની ઓળખાણ કરાવી શરણે લીધા. દૂધપાકની રસોઈને બહાને ગોવાળોનું કલ્યાણ કર્યું.

સાલેમાળ તપ કરવા જવું છે ।

ક્યારેક મહારાજ આનંદ કરે ને કરાવે અને ક્યારેક સંતો પણ શ્રીહરિની સાથે ભળી આનંદ કરતા. ક્યારેક મહારાજ ઉદાસ થાય ત્યારે ગમે એમ કરી બ્રહ્માનંદ સ્વામી હસાવે અને ઉદાસીનતામાંથી મહારાજને બહાર કાઢે. ક્યારેક રિસાય તો સંતો મનાવવા પ્રયત્ન કરે. એનો પણ અનેરો આનંદ હોય. ક્યારેક મહારાજ હઠ કરે ત્યારે સંતો સામે કડક થઈ મહારાજને ઠપકો પણ આપે.

સંતોની નાની એવી ભૂલ થાય ત્યારે મહારાજ અતિશય ખીજાય અને સત્સગ મૂકીને જતા રહેવાની વાત કરે. ત્યારે સતોના આંખમાંથી આંસુ આવી જતા. આવા સમયે રામાનંદ સ્વામી વખતના વડીલ સત ભાયાત્માનંદ સ્વામી મહારાજને ઠપકો આપી મહારાજને પાછા વાળતા. ત્યારે મહારાજ પણ બધું સાંભળી લે અને પ્રેમી ભક્તોની વાત માની પણ લે. સંતો ભક્તોના પ્રેમની વાત અનોખી છે જે એકતરફી પ્રેમ નથી, બન્ને એકબીજાને જે કહેવું ઘટે તે કહી દે છે.

જ્યારે મહારાજ ખીજાય, ઉદાસ થાય, મંદવાડ ગ્રહણ કરે ત્યારે મહારાજ સત્સંગ મૂકીને જતા રહેવાની વાત કરતા. એટલે પ્રેમી સંતો ભક્તોને હરહમેશ એક ભય રહેતો કે, મહારાજ અમને મૂકીને જતા તો નહીં રહેને !

એકવાર ગઢપુરમાં મહારાજે મંદવાડ ગ્રહણ કર્યો. અક્ષરઓરડીમા મહારાજ આરામ કરતા હશે. ત્યાં નિષ્કુળાનંદ સ્વામી મહારાજનાં દર્શને આવ્યા. મહારાજે સ્વામી સામે જોઈ આજ્ઞા કરી, "સ્વામી ! ગાડી તૈયાર કરો, મારે સાલેમાળ પર્વત તપ કરવા જવું છે " કાંઈક ઘટના ઘટી હશે જેથી મહારાજે આવો નિર્ણય લીધો.

આજ્ઞાપાલક નિષ્કુળાનંદ સ્વામી તો ગાડી તૈયાર કરવા લાગ્યા. એ વાતની નિત્યાનંદ સ્વામીને ખબર પડી, એટલે તરત આવી નિષ્કુળાનંદ સ્વામીને પૂછ્યું, "સ્વામી ! શું કરો છો ?"

નિષ્કુળાનંદ સ્વામી કહે, "મહારાજને સાલેમાળ પર્વત તપ કરવા જવું છે, માટે ગાડી તૈયાર કરું છું."

"સ્વામી તમે આસને જાવ, હું જોઈ લઉ છું."

સ્વામી આસને ગયા ને નિત્યાનદ સ્વામીએ એક સાધુને મહારાજ શું કરે છે એ જોવા માટે મોકલ્યા. સાધુએ આવીને કહ્યું, "સ્વામી ! મહારાજ તો સૂતા છે."

કોણ જાણે નિત્યાનંદ સ્વામીને શું સૂઝ્યું સ્વામી ચાર સંતોને લઈ અક્ષરઓરડીમાં ગયા. ચારે સાધુને ઢોલિયાના અક એક પાયે બેસાર્યા ને સ્વામી મહારાજની પાસે બેઠા. સ્વામીના ઇશારે બે સંત મહારાજનો ઢોલિયો તાણે ને બે હડસેલે. આમ બે થી ત્રણ વાર કર્યું ત્યાં તો મહારાજ ઊઠ્યા ને મોંઢા ઉપરથી વસ્ત્ર ઉઘાડીને જોયું અને કહ્યું જે, "આ શું થાય છે ?"

નિત્યાનંદસ્વામી કહે, "મહારાજ ! સાલેમાળમાં ગાડી જાય છે, તે રોદા આવે છે એટલે ગાડી ઊંચીનીચી થાય છે "

મહારાજ ઊંચું જોઈને બોલ્યા જે, "ગપ્પાં શું મારો છો? હું તો અક્ષરઓરડીમાં છું."

નિત્યાનંદ સ્વામીએ કહે, "તમે શું ગપ્પાં મારો છો ? જે આવા માંદા છો ને તપ કરવા જાવું છે ? મહારાજ ! હશે અમારી ભૂલ. તમે અહીથી દૂર સાલેમાળ પર્વત જતાં રહો તો અમારા બધાનો આધાર શો. જેમ તમે રાજી થાશો તેમ કરીશું. પણ અમને મૂકીને જતા રહેવાની વાત ન કરશો.

ત્યારે મહારાજ સ્વામીનો નિર્દોષ ભાવ જોઈ હસ્યા ને સ્વામીને ભેટી પડ્યા.

આ સંતો ભક્તોએ મહારાજને પોતાનું જીવન સમર્પણ કરી દીધું હતું. એના આધારે જ સંતો જીવી રહ્યા હતા. મહારાજ એમના જીવનનો આધાર છે એ ક્યારેક રિસાય અને જતા રહેવાની વાત કરે, ત્યારે સંતોને જાણે વીજળી પડી હોય એવી પીડા થાય. મહારાજના વિરહમાં માછલીની જેમ તરફડિયા મારે.

આ તો મહારાજની દિવ્ય લીલા છે. ભક્તોના સુખને ખાતર ક્યારેક મનુષ્યભાવ પ્રગટ કરે, પણ મહારાજને સંતો અતિ પ્રિય છે. એને મૂકીને મહારાજને જતાં રહેવું એ તો લીલામાં શક્ય છે, હકીકતે પણ મહારાજ સંતોના પ્રેમને હડસેલી ન શકે. જે સંતોએ શ્રીજી મહારાજ માટે સમર્થ હોવા છતાં સામાન્ય માણસના અપમાન સહન કર્યા, સુખ સમૃદ્ધિ છોડી, લોટના ગોળા ખાધા. મહારાજની આજ્ઞા પાળવામાં ક્યારેય પાછી પાની કરી નથી. મહારાજ રાજી થાય એમ કરવા રાત-દિવસ તૈયાર હોય એને મહારાજ ક્યારેય છોડી ન શકે.

મહારાજ કહેતાં, "અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મૂક્યું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી. તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, 'જન્મ થયાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો.' એમ જ ઇચ્છીએ છીએ." (વચ. ગ.મ.પ્ર. ૪૮મું)

એકને વેચી દે !

રમૂજ કરવી એ મહારાજનો સહજ સ્વભાવ છે. મહારાજ ધીરગંભીર છે, પણ ચડાવેલાં તબલાં જેવી ગમ્ભીરતા નથી. ક્યારેક સભામાં જ્ઞાનવાર્તા થતી હોય, ક્યારેક કીર્તન-ભક્તિ તો ક્યારેક રમૂજ પણ.

અગણોતેરા કાળમાં મહારાજ અક્ષરઓરડીમાં ભોંયરું હતું તેમાં છાના રહેતા. માથે જટા વધારી હતી. ત્યારે જે દર્શને આવે તેને સૂચના આપતા જે, "આગળ દુકાળ પડવાનો છે. માટે સૌ ઢોરાં તથા ઘરેણાં વેચી અનાજનો સંગ્રહ કરજો.'

એક દિવસ સભામાં ખીમા સુતારને જોયા અને મહારાજને મોજ ચડી. મહારાજ કહે, "ખીમા[1] તારે કેટલાં ઘરબારા (પત્ની) છે?"

ખીમા સુતાર કહે, "મહારાજ, બે છે."

મહારાજ કહે, "તેને વેચી દે."

"મહારાજ! એક ઘરડું છે તે કોઈ લે તેવું નથી અને એક સારું છે."

મહારાજ કહે, "તેને વેચ અને અનાજ લે." આમ જ્યાં વાત કરી ત્યાં સભામાં બધા હસી પડ્યા.

રમૂજ સાથે ઉપદેશ

એક વખત મહારાજ ઉગમણા બારના ઓરડે લોઢાની સાંકળ ઝાલીને ઊભા હતા અને પ્રાગજી દવે મહારાજ પાસે

ઊભા હતા. તે સમે શેખજી મહારાજનાં દર્શને આવ્યા.

મહારાજે તેને કહ્યું જે, "શેખજી! તમારે કેટલી બીબી છે?"

ત્યારે શેખજી કહે જે, "મારે બે બીબી છે."

મહારાજ કહે, "મુમદીયાની મા છે તે પ્રાગજી દવેને આપો."

મહારાજની વાત સાંભળી બધા કાઠી દરબારો મંડ્યા હસવા.

શેખજી તો નિષ્ઠાવાન ભક્ત. એ કહે, "બહુ સારું મહારાજ!"

ત્યારે મહારાજે પ્રાગજી દવેને કહ્યું, "કેમ દવે! તમારે ખપશે?"

દવે કહે, "મહારાજ! રોટલા હું કરીશ, પણ જેવું હોય તેવું ચાલશે."

આવું સાંભળતાની સાથે જ આખી સભા ખડખડાટ હસવા લાગી.

પછી મહારાજ બોલ્યા જે, "ભાળો, ભણ્યો તોય ગધેડો ને ગધેડો રહ્યો. પોતે બ્રાહ્મણ છે અને તે મુસલમાન છે એનીએ ખબર છે? એવી કામવાસના છે તે ભૂંડી છે ને નાત-જાત જાણે નહીં."

ગુલતાનની ગાદીના મહંત

એક વખત શ્રીજી મહારાજ વરતાલ પધારતા હતા. રસ્તામાં રાત્રિ રોકાણ કરવું હતું અને બધાને ભૂખ પણ ભારે લાગી હતી.

ધોલેરા પાસે કદીપુર કરીને ગામ છે, ત્યાં ગુલતાનની ગાદીના ભાવા રહેતા હતા. પછી મહારાજે કાઠીઓને કહ્યું જે, "તમે કોઈ બોલો નહીં તો તમને શીરો-પૂરી જમાડું."

કાઠીઓ કહે, "મહારાજ ! વગર બોલે શીરો-પૂરી ખાવા મળતા હોય તો નહીં બોલીએ."

વળી મહારાજ કહે કે, "કોઈ સ્વામિનારાયણનું નામ તો લેશો જ નહીં."

પછી મહારાજ તે મહાત્માની જગ્યાને દરવાજે જઈને બોલ્યા જે, "મહંતજી ! કમાડ ખોલો."

તે વખતે એક મહાત્માજીએ આવીને કમાડ ખોલ્યું અને પૂછ્યું જે, "કોણ હે ?"

ત્યારે મહારાજ કહે, "ગુલતાનકી ગાદીકા મહંત હે."

તે સાંભળીને સૌ દોડતા આવ્યા અને દરવાજો ઉઘાડીને મહારાજને એની જાયગામાં તેડી ગયા. સાથે હતા એના ઘોડા બધાવ્યા. મહારાજને ઢોલિયો ઢાળી દીધો અને સર્વ સખાને પણ ઢોલિયા ઢાળી દીધા. ખૂબ સારી આગતા-સ્વાગતા કરી. પછી ચાર-પાંચ મહાત્માઓ શીરો-પૂરી વગેરે રસોઈ કરવા મંડ્યા. બધા કાઠીઓ તો જોઈ રહ્યા.

એ સમયે ત્યાના મહંત હાથ જોડીને મહારાજ પાસે બેઠા. મહારાજ તો અંતર્યામી, બધું જાણે. તેથી મહંતે પૂર્વે પત્ર વડે જે કહેવરાવ્યું હતું તે કહેવા લાગ્યા જે, "અમોએ સાધુ કર્યાનું લખ્યું હતું તે તમોએ સાધુ કર્યા કે નહીં ?"

મહંત કહે, "હા મહારાજ ! આ કરશનદાસજી અને વસનદાસજી એ બે સાધુ કર્યા." તે સાંભળી એ બે સાધુ મહારાજનાં પગમાં પડ્યા.

વળી મહારાજ કહે, "તમે એક હજાર રૂપિયાની હૂંડી બીડી હતી તે વડોદરામાં અમને પહોંચી હતી."

મહંત કહે, "ઠીક મહારાજ !" આમ મહારાજે બે-ત્રણ એંધાણ આપ્યાં એટલે એને તો મનાઈ ગયું કે આ જ ગુલતાનકી ગદ્દી કા મહંત હૈ.

પછી રસોઈ તૈયાર થઈ એટલે સૌને સારી રીતે જમાડ્યા અને પછી સૌ સૂઈ ગયા. પછી તે સૌ મહાત્માઓએ ચાકરી પણ સારી રીતે કરી.

સવારે ચાલવાને માટે તૈયાર થયા ત્યારે મહંત બહુ આગ્રહ કરવા લાગ્યા એટલે મહારાજ બોલ્યા જે, "રહેવાય એમ નથી. અમારે દ્વારકા દર્શન કરવા જવું છે." એમ કહી પ્રથમ મહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા. પછી કાઠી સૌ સવાર થવા મંડ્યા.

તે વખતે સુરા ખાચરે વિચાર્યું જે આપણે આનું ખાધું, એમણે આપણી સેવા પણ કરી. તેથી એમને આપણી સાચી આળખાણ આપવી જોઈએ ને ! મહારાજ આગળ નીકળ્યા અને સુરાખાચર બોલ્યા, "જય સ્વામિનારાયણ..!"

આવું સાંભળી મહાત્માઓની ચાર આંખ થઈ ગઈ. તેઓ બોલ્યા, "અરે યે તો સ્વામિનારાયણિયા હૈ. અપના મહંત નહીં. હમને તો ઈનકી સેવા કી. વોય માળા...." પછી હાથમાં ધોકા લઈને સૌ કાઠી વાંસે થયા. પછી મહારાજે બૂમ પાડી, "સુરા ખાચર ! હવે પાછા વળો."

આમ મહારાજ કાઠીઓને આનંદ કરાવવા આવી લીલાઓ કરતાં.

શીરાનાં દાતણ

મહારાજ લાંધણોજ પધાર્યા અને સાથે બસો સંત હતા. ગામમા બ્રાહ્મણોની ચોરાસી હતી તે ભેળી સંતની પણ રસોઈ કરી હતી. પછી બ્રાહ્મણોએ વિચાર્યું કે, "વાંસે વધે કે ન વધે, આપણે પ્રથમ જમી લેવું ને પછી સાધુ જાણે !"

અંતર્યામી મહારાજ તો બ્રાહ્મણોનો સંકલ્પ જાણી ગયા અને વિચાર કરવા લાગ્યા જે, "બ્રાહ્મણો મારા સાધુઓને જમ્યા વગરના રાખશે. માટે પહેલાં સંતને જમાડી લીધા હોય તો ઠીક."

બ્રાહ્મણોએ આખી રાત્રિ રસોઈ કરીને તૈયારી કરી. સંતો વહેલી સવારે ચાર વાગ્યે ઊઠીને નાહવા જતા હતા ત્યારે મહારાજે બધાને રોક્યા અને કહ્યું, "મહાપુરુષો ! ક્યારેય શીરાના દાતણ કર્યા છે ?"

સંતો કહે, "અરે મહારાજ ! શીરાના દાતણ ! ના, શીરાના દાતણ તો ક્યારેય કર્યા નથી !"

મહારાજ કહે, "આજ તો શીરાના દાતણ કરાવવા છે." પછી હરિજનના ફળિયામાં સતની પંક્તિ કરી અને બધાને શીરો પીરસીને ખૂબ જમાડ્યા. પછી મહારાજ કહે, "મહાપુરુષો ! હવે દાતણ લઈને નાહવા જાઓ."

બ્રાહ્મણો જાગ્યા ત્યાં તો રસોઈ કરી હતી તે જમાઈ ગઈ હતી. બ્રાહ્મણોને ઘટ્યું, તે ફરી રસોઈ કરીને બ્રાહ્મણ જમ્યા.

એમ મહારાજે બ્રાહ્મણોનો સંકલ્પ જાણીને સંતોને જમાડી લીધા. પછી તે સૌ બ્રાહ્મણો મહારાજને પગે લાગ્યા.

મહારાજ જે આજ્ઞા કરે તે ધર્મ

'ધર્મ તે ધર્મસુતના વચન'

મહારાજ સંતોનું બહુ ધ્યાન રાખતા. વિકટ પરિસ્થિતિમાં સાધુને સાચવી પણ લેતા. મા જેમ દીકરાને સાચવે એમ મહારાજ સંતોને સાચવતા. મહારાજ પરીક્ષા કરે, તપ કરાવે એટલે આપણને સહેજે એમ થાય કે મહારાજે સંતોને ખૂબ તપાવ્યા. પરંતુ મહારાજ તો એમાં સંતોનું હિત ઈચ્છતા હોય. આજ્ઞા ગમે એવી કઠણ હોય, પણ તેમાં સંતોનું હિત સમાયેલું હોય. સંતોને પણ મહારાજનો એટલો બધો મહિમા છે કે કોઈ આજ્ઞા પાળવી કઠણ નહોતી પડતી. સિવાય કે દર્શનની બંધીની આજ્ઞા.

સંતોને રાજી કરવા હોય તો અડધી રાત્રેય લીલા કરે. એને તો કોઈ શાસ્ત્રનું બંધન નથી. શાસ્ત્ર ભગવાનની લીલાનું ગુણગાન ગાય છે.

એક દિવસની વાત છે. શ્રીજી મહારાજ અક્ષરઓરડીમા સુતા છે. અચાનક અડધી રાત્રિએ મહારાજને ભૂખ લાગી. મહારાજે બ્રહ્મચારીને જગાડ્યા. "બ્રહ્મચારી! ઊઠો, અમને ભૂખ લાગી છે."

"મહારાજ ! કાંઈ તૈયાર નથી. હમણાં રોટલા ઘડી દઉં." મહારાજ કહે, "રોટલા ઘડવા નથી. તૈયાર ન હોય તો બહેનો પાસે દરબારગઢમાં જાઓ. ત્યાં કાંઈક મળી રહેશે."

બ્રહ્મચારી દરબારગઢમાં આવ્યા, બારણું ખખડાવી બહેનોને ઊઠાડ્યા. "કેમ બ્રહ્મચારી ! અડધી રાત્રે શું કામ પડ્યું ?" "મહારાજને ભૂખ લાગી છે. જે તૈયાર હોય તે લાવો." બ્રહ્મચારીએ કહ્યું.

"અત્યારે અડધી રાત્રે શું તૈયાર હોય ? જે હતું તે રાત્રે જ પુરું થઈ ગયું કહો તો રોટલા ઘડી દઈએ નહી તો આ પાપડ ને દૂધ છે." ત્યા રાજબાઈના ઓરડામાં ગંગામાએ ઉતારો કરેલો તે આ બધું સાંભળી ગયા ને બોલ્યા, "એ મારી પાસે ઠુમરો છે તે લેતા જાઓ."

બ્રહ્મચારી ઠુમરો, દૂધ અને પાપડ લઈને મહારાજ પાસે આવ્યા. પણ મહારાજને ક્યાં જમવું હતું ? એને તો લીલા કરવી હતી. મહારાજ થોડું જમીને બોલ્યા, "લ્યો બ્રહ્મચારી! અમારી ભૂખ ભાંગી ગઈ. હવે અમારે નથી જમવું."

બ્રહ્મચારી ભોળા અને બોલકા હતા. એમણે કહ્યું, "આ ભગવાનની જાત ભારે અપલખણી, આ તો ભવાયાએ ભાભરીને ગામ ભેગુ કર્યું અને પછી કહે હવે નથી રમવું. એના જેવી વાત થઈ." આવું સાંભળી મહારાજ હસ્યા.

મહારાજે કહ્યું, "બ્રહ્મચારી ! જાઓ ધર્મશાળામાં અને જુઓ કોણ જાગે છે ? જે જાગતા હોય એને બોલાવી લાવો. જે ઉંઘતા હોય એને બોલાવતા નહીં."

બ્રહ્મચારી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી વગેરે સોળ સતો જે જાગતા હતા તેને બોલાવી લાવ્યા.

મહારાજે બે ત્રાસ મંગાવ્યા અને બેયમાં બ્રહ્મચારી લઈ આવેલા એ ભોજન મૂક્યું. પછી બન્ને ત્રાસ ફરતે આઠ આઠ સંતોને બેસાડ્યા. મહારાજ બેય ત્રાસમાંથી એક એક કોળિયો જમ્યા અને એક સાથે સંતોને જમવાની આજ્ઞા કરી.

આ રીતે મહારાજે અડધી રાત્રે ભજન-ધ્યાન-કીર્તન કરતા સંતોને જમાડી એક મનુષ્યલીલાના માધ્યમથી રાજીપો વ્યક્ત કર્યો.

મમ ઉર સંતન અરુ મૈં સંતન ઉર, વાસ કરું સ્થિર હોઈ..

મહારાજની લીલામાં પદાર્થ મુખ્ય નથી. મહારાજનો સતો પ્રત્યેનો પ્રેમ અને રાજીપો વરસ્યા વિના રહે નહીં.

દિવ્ય દર્શન

ભેંસજાળના ચાંદબા. મહારાજના પ્રેમી ભક્ત. મહારાજ ભેંસજાળમાં વિરાજમાન હતા, પણ દરબારગઢની મર્યાદાને લીધે બહેનોને મહારાજનાં દર્શન થતાં નથી. દર્શન માટે મન વલખાં મારે, મહારાજને મનોમન ખૂબ પ્રાર્થના કરે પણ હવે બહેનોને મહારાજનાં દર્શન વિના રહેવાતું નથી. રાત્રિ પડી ગઈ, પણ મહારાજનાં દર્શન ન થયાં. અંતે બહેનોથી રહેવાણું નહીં. અડધી રાત્રે બહેનો મહારાજ જ્યાં આરામ કરતા હતા તે ઓરડાની દિવાલમા બાકું પાડી અંદર દર્શને પહોંચી ગયાં.

અવાજ થતાં જ મહારાજ ઊઠી ગયા અને બોલ્યા, "અરે, તમે બધા અત્યારે અહીં કેમ ? અંતર્યામી મહારાજ તો પ્રેમી ભક્તોની સ્થિતિને જાણતા જ હોય. છતાં ભક્તોની આગળ અજાણ થયા.

ચાંદબાએ દર્શન માટેની પોતાની મુશ્કેલી રજૂ કરી. બહેનોનો પ્રેમભાવ જોઈ મહારાજ બહુ રાજી થયા. મહારાજે પોતાની ઓઢેલી ગોદડી બહેનોને આપી.

ભગવાનને કોઈ સ્ત્રી-પુરુષનો ભેદ નથી. પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવવા એ જ શ્રીહરિનો અવતાર ધર્યાનો હેતુ છે. મહારાજે અનેક દિવ્ય અને મનુષ્યલીલાઓ કરી ભક્તોને સુખ આપ્યું અને એના મનની મનોકામના પૂરી કરી છે.

એક વખતની લીલા ભક્તો માટે જીવનભરનું સંભારણું બની ગયું. એના આધારે ભક્ત પોતાનું જીવન પસાર કરતા. ભગવાન સ્વધામ પધાર્યા પછી મહારાજે કરેલી લીલા જ ભક્તોનો આધાર હતી.

આ પ્રકારના ચરિત્રો માનુષચરિત્રો હોવા છતાં જ્ઞાની પુરૂષો તેને અલૌકિક દિવ્ય ચરિત્રો સમજે છે.

तस्माद्दिव्याकृतिः कृष्णोः न्नाकृतिश्चैक एव सः।

भेदं य उभयोर्विद्युस्ते त्वज्ञानिन ईरिताः ॥ (સ.જી. પ્ર-૩અ ૨૯ શ્લોક ૬૯)

તેથી મનુષ્યાકૃતિ અને દિવ્યાકૃતિમાં રહેલા એ ભગવાન એક જ છે પણ તેમાં કોઈ પ્રકારનો ભેદ નથી. જે પુરૂષો બંને સ્વરૂપમાં રહેલા પરમાત્મામા ભેદ સમજે છે તેને અજ્ઞાની કહ્યા છે.

अनेकरुपिणोऽप्यस्य ये जानन्त्येकरुपताम्।

मानुथेऽप्यस्य दिव्यत्वं ते ज्ञेया ज्ञानिनो नराः ॥ (સ.જી. પ્ર ૩અ ૨૯ શ્લોક ૭૦)

જે મનુષ્યો પરમાત્માને અનેક સ્વરૂપે હોવા છતાં એક સ્વરૂપે જાણે છે તેમજ મનુષ્યભાવમાં હોવા છતાં દિવ્ય જાણે છે તે પુરૂષોને જ્ઞાની સમજવા.

ભગવાનમાં મનની અખંડ વૃત્તિ રાખવી એ કઠણ સાધન છે. પણ લીલા દ્વારા ભગવાનમાં સહેજે મન રહે અને લીલા સંભારતા સંભારતા મનને મૂર્તિ ધારવી કઠણ ન પડે.

સંસારમાંથી મનની વૃત્તિ પાછી વાળી ભગવાનમાં સ્થિર કરવા માટે શ્રીજી મહારાજની લીલા ઉત્તમ આધાર છે લીલા સંભારતા સંભારતા મન નિર્વિષયી બની જાય અને સ્થિર થાય. સંસારમાંથી વિરક્ત થઈ જીવ ભગવાન સન્મુખ થાય એવા આશયથી પણ મહારાજે અનેક લીલાઓ કરી છે.

મહારાજની લીલાનો કોઈ હેતુ હોય કે ન હોય, પરંતુ એ લીલા ભક્તો માટે મંગળકારી, સુખકારી અને કલ્યાણકારી અવશ્ય છે એમાં ક્યારેય મનુષ્યભાવ આવવા દેવો નહીં.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતાં, "દિવ્યભાવ અને મનુષ્યભાવ એ બેને એક સમજે તે માયાને તરી રહ્યો છે. ને એ જ માયા છે, તે જાણવી. ને એમ ન જાણે તો પ્રથમ પ્રતાપ દેખાડે છે ત્યારે આનંદ થાય, ને રુએ ત્યારે મૂંઝવણ થાય. ને દિવ્યભાવ અને મનુષ્યભાવ એક સમજે છે તેને કયું સાધન કરવાનું બાકી છે ? કાંઈપણ નથી."

જે મનુષ્યભાવમાં પણ દિવ્યભાવ રાખી શકે એ જ ખરો ભગવાનનો ભક્ત છે. ●

શ્રી સ્વામિનારાયણાય નમઃ ।

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદ આયોજિત

સત્સંગ સાધના શિબિર-ઋષિકેશ

:: પ્રારંભ ::
૨૯/૧૦/૨૨, શનિવાર
કારતક સુદ - ૫

: અધ્યક્ષ :
પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

:: પૂર્ણાહુતિ ::
૦૪/૧૧/૨૨, ગુરુવાર
કારતક સુદ - ૧૧

શિબિર સ્થળ : પરમાર્થ નિકેતન આશ્રમ-ઋષિકેશ

શિબિરમાં જોડાવા માટે ફોર્મ ભરવા આવશ્યક છે. ફોર્મ SGVP, અમદાવાદ, દ્રોણેશ્વર, રીબડા(રાજકોટ) થી પ્રાપ્ત કરી જમા કરાવી શકાય છે શિબિરમા આવવા-જવાની વ્યવસ્થા પોતાની રીતે જ કરવાની રહેશે. રેલ્વેનુ બુકીંગ ૧૨૦ દિવસ પહેલા થતુ હોઈ ૨૭ જુનની આસપાસ ટીકીટ કરાવી લેવી.

*** : વિશેષ માહિતી માટે સંપર્ક : ***

SGVP અમદાવાદ	: +91 98252 10038	મેમનગર ગુરુકુલ	: +91 98252 10096
દ્રોણેશ્વર ગુરુકુલ	: +91 99099 77726	SGVP રીબડા રાજકોટ	: +91 97279 59590
SGVP UK	. +44 7831092042	SGVP USA	: +1 912 438 3141
SGVP સુરત	: +91 99258 41846	SGVP મુંબઈ	: +91 98211 16350

સમાચાર દર્શન

૮૫ કલાક અખંડ ધૂન તથા આમ્રોત્સવ

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના અક્ષરવાસ પ્રસંગે ગુરુકુલ પરિવાર દ્વારા ભજન-અનુષ્ઠાનનાં ખૂબ મોટા આયોજનો થઈ રહ્યા છે ત્યારે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર મુકામે તારીખ ૯ થી ૧૨ જૂન દરમિયાન ૮૫ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રિ-દિવસ ચાલેલી આ ધૂનમા ખૂબ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. સાથે મળી થતી ધૂનના દર્શન કરીએ ત્યારે જાણે ભજનનો દરિયો હિલોળે ચડ્યો હોય એવા અદ્‌ભુત દર્શન થતાં હતાં. ધૂન પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય સદ્‌ગુરુ સંતોએ થયેલા ભજનને શ્રીહરિના ચરણે અર્પણ કર્યું હતું અને આગામી સમયમાં આવા અનેક આયોજનોમાં જોડાવા ભક્તોને પ્રરણા આપી હતી.

આ ઉપરાંત ધૂન દરમિયાન આમ્રોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરુકુલમાં અનોખો આમ્રોત્સવ ઉજવાયો. આ મહોત્સવમાં અમદાવાદ, કચ્છ, ઉના, રાજકોટ વગેરે જુદા જુદા શહેરોમાથી ભક્તજનોએ મોકલેલી ૬૦૦૦ કિલો ઉપરાંત કેરીઓ શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવી. ભીમ એકાદશીના રોજ યોજાયેલ આમ્રોત્સવની પ્રસાદરુપ કેરીઓ ગરીબોને વહેંચવામાં આવી. કાળા તડકામાં તનતોડ મહેનત કરતા દરિદ્રો અને એમના નાના નાનાં બાળકોને જ્યારે કેરી જમતા જોયા ત્યારે સ્વયસેવકોની આંખો ભીજાય ગઈ. વૃદ્ધાશ્રમમાં નિવાસ કરતા વૃદ્ધોને કેરી જમતા જોવા એ દશ્યો ખરેખર હૃદયને સ્પર્શી જાય તેવાં હતાં.

ભગવાનના ભક્તો પોતાની ભક્તિ શ્રદ્ધા ભગવાન પાસે રજુ કરે અને એ જ ભક્તિ-શ્રદ્ધા જ્યારે નાનામાં નાના માણસ સુધી પહોંચે ત્યારે ખરી રીતે ભગવાનની સેવા થઈ ગણાય. માટે જ ગુરુકુલ દ્વારા થતા અન્નકૂટોત્સવ, આમ્રોત્સવ વગેરે ઉત્સવો જે રીતે ઉજવાય છે, એનાથી સર્વવ્યાપી પરમાત્મા અચૂક રાજી થતા હશે.

બાલ સંસ્કાર શિબિર-૨૦૨૨

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે વેકેશન દરમ્યાન તારીખ ૧૭ થી ૨૨ મે, ૨૦૨૨ દરમિયાન બાલ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયલ આ શિબિરમાં બાળકોએ અનેક પ્રકારના આયોજનોમાં ભાગ લઈ સત્સગ સાથ શિક્ષણના સંસ્કાર મેળવ્યા હતા. શિબિરને બાળકો તથા બાલિકાઓ એમ બે વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૪૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. છ દિવસની શિબિર દરમિયાન અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. ઉપરાંત બાળકોને સંતો દ્વારા તથા બાલિકાઓને સાંખ્યયોગી બહનો દ્વારા સત્સગની દંડવત, પૂજા, વંદન, શાસ્ત્રવાચન, યોગ, પ્રાણાયામ તથા માતા-પિતાની સેવા, વડીલોને આદરભાવ વગેરે સંસ્કારલક્ષી કેળવણી આપવામાં આવી હતી. આ ઉપરાત બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવતી વક્તૃત્વ સ્પર્ધા, એક પાત્રીય અભિનય, નૃત્ય, જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. ઉપરાત કેમ્પસમા રહેલી સ્વીમીંગ, હોર્સ રાઈડીંગ, ક્રિકેટ, ફૂટબોલ વગેરે રમતોના મેદાનોની સુવિધાઓના ઉપયોગ દ્વારા બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ શિબિરમાં પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ બાળકોને હળવી શૈલીમાં વાર્તાઓ દ્વારા બોધ આપ્યો હતો તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને ઇનામ અર્પણ કર્યા હતાં. આ શિબિરનું તમામ આયોજન શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી, પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા નાના સંતોએ કર્યું હતું. સંતો સાથે વ્યવસ્થાપનમા ગુરુકુલના વિદ્યાર્થીઓ તથા હરિભક્તો અને બહેનો જોડાયા હતા.

ગુરુકુલ પ્રિમીયર લીગ - GPL-11

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે તારીખ ૨૮ એપ્રિલથી ૫ જૂન દરમિયાન SGVP SURYA SPORTS ACADEMY દ્વારા GPL-11 (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઓલ ઈન્ડીયા ઓપન

રે-નાઈટ ટેનીસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ તથા લેધર બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બન્ને ટૂર્નામેન્ટમાં ૨૦૦ ઉપરાંત ટીમોએ ભાગ લીધેલ, જેની ફાઈનલ મેચ તારીખ ૫ જૂનના રોજ રમાઈ હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને બે લાખ એકાવન હજાર રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ ટીમને સવા લાખ રૂપિયા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તૃતીય, ચતુર્થ સ્થાને રહેલ ટીમ, મેન ઓફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ મળીને પંદર લાખ ઉપરાંત રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ વિજેતા ટીમને અભિનંદન પાઠવી સંસ્થાની પ્રવૃત્તિની માહિતિ આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અધિક પોલિસ કમિશ્નર અસારી સાહેબે તથા ભારતની ક્રિકેટ ટીમના પ્લેયર હર્ષલ પટેલે સંસ્થાના કાર્યને ખૂબ બિરદાવ્યું હતું તેમજ પોતે SGVP માં કરેલી પ્રેક્ટીસ અને સંસ્થા તરફથી મળેલા સહયોગને યાદ કર્યા હતા. અંતે ટૂર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર વિજય કન્સ્ટ્રકશન- સીશલ્સના માલિક શ્રી વિશ્રામભાઈ પટેલને યાદ કરી એમનો આભાર માન્યો હતો. આ સમગ્ર ટૂર્નામેન્ટનું સફળ આયોજન પૂજ્ય શાસ્ત્રી શ્રી કુંજવિહારીદાસજી સ્વામી તથા સ્વયંસેવકોએ કર્યું હતું.

સત્સંગ યાત્રા : યુ.કે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી સંત મંડળ સાથે યુ.કે. સત્સંગ યાત્રામાં પધાર્યા છે. આ યાત્રા દરમિયાન પૂજ્ય સ્વામીજી યુ.કે.ના વિવિધ વિસ્તારમાં વિચરણ કરીને સત્સંગ, કથાવાર્તાનો લાભ આપવાના છે. જેમાં લંડન ઉપરાંત નોર્થમપ્ટન, લેસ્ટર, બોલ્ટન, ઓલ્ડહામ, કાર્ડિફ, બર્મિંગહામ, ઈસ્ટલંડન, વુલ્વીચ, સાઉથ ઓન સી, કેમ્બ્રિજ, વિમ્બલ્ડન વગેરે વિવિધ વિસ્તારોમાં પધારી સત્સંગનો લાભ આપશે.

તા. ૪ જુન, ૨૦૨૨ શનિવારના દિને પૂજ્ય સ્વામીજી લેસ્ટર પધાર્યા હતા. લેસ્ટરમાં શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન્ સંચાલિત 'શ્રી હનુમાનજી મંદિર - સારંગપુરધામ' ખાતે સત્સંગ સભાનું આયોજન થયું હતું.

શ્રીહનુમાનજી મંદિરમાં પૂજ્ય સ્વામીજીની પધરામણી થતા મંદિરના ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ પટેલ, શ્રી હસમુખભાઈ વાઢેર, શ્રી રાજેશભાઈ શેલડીયા, શ્રી હરિશભાઈ પટેલ વગેરે ભાઈઓએ સ્વામીજીનું પુષ્પમાળાથી ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

સભાના આરંભે સંકીર્તન થયા બાદ પૂજ્ય સ્વામીજીએ સત્સંગનો લાભ આપતા હિંદુ ધર્મની વિશિષ્ટતાઓ સમજાવી હતી. સ્વામીશ્રીના આ પ્રેરણાત્મક પ્રવચનથી ઉપસ્થિત ભાઈ-બહેનો ખૂબ જ રાજી થયા હતા. સત્સંગ બાદ શ્રીકષ્ટભંજનદેવની આરતી તથા સ્તુતિ કરીને બધા જ ભક્તજનોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

લેસ્ટરના જયસુખભાઈ ગાંધીના સુપુત્રો યોગેશભાઈ ગાંધી અને દિનેશભાઈ ગાંધી આજના સત્સંગના મનોરથી હતા. આ પ્રસંગે લેસ્ટ સનાતન મંદિરના પ્રમુખશ્રી રમણીકભાઈ બાબર, રોહિતભાઈ ત્રિવેદી, પ્રસિદ્ધ પત્રકાર દિપકભાઈ જોષી, હરિભાઈ રાઠોડ, રમેશભાઈ જનસારી વગેરે ભાઈ- બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

લેસ્ટર ખાતે શ્રી યોગેશભાઈ ગાંધીના નિવાસ સ્થાને 'શ્રીમહાવિષ્ણુયાગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાવિષ્ણુયાગનો વૈદિક વિધી SGVP ગુરુકુલ સંચાલિત 'દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય'ના ઋષિકુમાર શ્રી જવલંતભાઈ મહેતાએ કરાવ્યો હતો.

મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીશ્રીએ શ્રીફળનો હોમ કર્યો હતો તથા મંગલ આશીર્વાદ પાઠવતા પૂજ્ય સ્વામીશ્રીએ મહાવિષ્ણુયાગનો દિવ્ય મહિમા સમજાવતા જણાવ્યું હતું કે, "ભારતીય સંસ્કૃતિ યજ્ઞ પ્રધાન સંસ્કૃતિ છે. યજ્ઞ કુંડ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિક છે. અગ્નિનારાયણ ભગવાન વિષ્ણુનું મુખ છે. યજમાને પ્રેમથી આપેલી આહુતિઓ નો અગ્નિનારાયણ સ્વીકાર કરે છે અને યજમાન પર પ્રસન્ન થાય છે. યજ્ઞ કલ્પવૃક્ષ સમાન છે. જે યજમાનના સર્વ શુભ મનોરથ પુરા કરે છે.

SGVP ગુરુકુલ - અમદાવાદ ખાતે યજ્ઞશાળામાં થતા અનેક પ્રયોગોની સિદ્ધિ જણાવતા સ્વામીશ્રીએ કહ્યું હતું કે, "SGVP ગુરુકુલ ખાતે નિત્ય વૈદિક યજ્ઞ તો થાય જ છે. તદુપરાંત SGVP હોલિસ્ટીક હોસ્પિટલના નિષ્ણાંત વૈદ્યો આયુર્વેદ શાસ્ત્રમાં દર્શાવેલી પદ્ધતિ અનુસાર આરોગ્ય યજ્ઞ પણ કરે છે. યજ્ઞ ચિકિત્સા દ્વારા અનેક દર્દીઓને વિવિધ પ્રકારના લાભ થઈ રહ્યા છે."

આ શ્રીવિષ્ણુયાગ પ્રસંગે મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને યજ્ઞની આહુતિઓ આપવામાં ભાગ લીધો હતો. વિદેશની ભૂમિમાં આવા વિધીપૂર્વક થનારા યજ્ઞનું દર્શન ભાગ્યે જ પ્રાપ્ત થતું હોય છે.

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. અશ્વિનભાઇ વાલજીભાઈ ભંડેરી :- ગામ રામપર વેકરા હાલ મોમ્બસા નિવાસી તથા ભગવાન શ્રીહરિના ભક્ત શ્રી અશ્વિનભાઈ વાલજીભાઈ ભંડેરી ૧૧-૬-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની ગુરુકુલમાં ખૂબ સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ અશ્વિનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હરિભાઇ કરસનભાઇ રાદડીયા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી હરિભાઈ કરસનભાઈ રાદડીયા (ઉ.વ.૭૨) તારીખઃ ૧૨-૬-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ હરિભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. સવિતાબેન હસમુખભાઈ પીઠડીયા :- ગામ ચમારડી, હાલ અમદાવાદ નિવાસી શ્રી સવિતાબેન પીઠડિયા (ઉ.વ.૫૪) તારીખ ૩૧-૫-૨૦૨૨ના રોજ ભજન-સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ સવિતાબેનને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા હસમુખભાઈ, હિરજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કુંવરબેન ગોવિંદભાઇ અણઘણ :- ગામ ઉગામેડી, હાલ સુરત નિવાસી શ્રી કુંવરબેન અણઘણ (ઉ.વ.૮૫) ૨૮-૫-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ કુંવરબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર લાલજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લલીતાબેન વજુભાઇ વઘાસીયા :- અમદાવદ નીવાસી શ્રી લલીતાબેન વજુભાઈ વઘાસિયા ૧૧-૫-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ લલીતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા વજુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લીલાબેન મનસુખભાઇ માલવિયા :- ગામ માયાપાદર હાલ સુરત નિવાસી તથા શ્રી લીલાબેન માલવિયા તારીખ ૧-૬-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ લીલાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર નિલેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મનિષાબેન ચતુરભાઇ કોટડિયા :- ગીગાસણ નિવાસી શ્રી મનિષાબેન કોટડિયા ૩૦-૪-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંતો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ મનિષાબેનને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ચતુરભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી અમૃતબેન જાદવભાઇ ઘાનાણી :- ગામ ફાટસર નિવાસી શ્રી અમૃતબેન ઘાનાણી (ઉ.વ.૭૬) તારીખઃ૨૧-૪-૨૦૨૨ અક્ષરવાસી થયા છે. પરિવાર ઉપર આવી પડેલા દુઃખને સહન કરવાની ભગવાન ધીરજ અર્પે તથા દલપતભાઈ તેમજ સર્વ પરિવારજનોને આશ્વાસન પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કમળાબેન નાનુભાઇ પડસાળા :- અમદાવાદ નિવાસી શ્રી કમળાબેન પડસાળા તારીખઃ ૨૧-૪-૨૦૨૨ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કમળાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી લાભુબેન કુરજીભાઇ વેકરીયા :- ગામ રફાળા હાલ સુરત નિવાસી શ્રી લાભુબેન વેકરીયા (ઉ.વ.૧૦૦) ૧૭-૪-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ લાભુબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર મધુભાઈ તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

આગામી આયોજન

તા. ૦૧/૦૭/૨૨, શુક્રવાર : રથયાત્રા, પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ૧૨૧ મો જન્મદિવસ
રથયાત્રા મહોત્સવ, રથ પ્રસ્થાન બપોરે ૨:૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ

તા. ૦૮/૦૭/૨૨, શુક્રવાર : શ્રીહરિ જયંતી. શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન તથા
નિલકંઠવર્ણી અભિષેક, સવારે ૬:૪૫ કલાકે અમદાવાદ ગુરુકુલ

તા. ૧૦/૦૭/૨૨, રવિવાર : દેવશયની એકાદશી. ચાતુર્માસ પ્રારંભ. આજથી ભજન-સ્મરણના વિશેષ નિયમ ધારણ કરવા.

તા. ૧૩/૦૭/૨૨, બુધવાર : ગુરુપૂર્ણિમા મહોત્સવ. સાંજે ૪:૦૦ કલાકે. SGVP ગુરુકુલ

તા. ૨૪/૦૭/૨૨, રવિવાર : કામિકા એકાદશી.

SGVP NEURO CARE

SGVP HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

મગજના દરેક પ્રકારના રોગો માટે

ન્યુરોસાયન્સ વિભાગ

• મગજની ગાંઠ • બ્રેઈન હેમરેજ • બ્રેઈન એન્યુરિઝમ • કંપન • વાઈ
• ચિત્તભ્રમ • ખેંચ • લકવા • અલ્ઝાઇમર રોગ

મેળવો સફળ નિષ્ણાતોની આધુનિક સારવાર

ન્યુરોલોજી
- ડો. સાગર બેટાઈ (MD, DM)
- ડો. પ્રિયાંક શાહ (MD, DM)

ન્યુરોસર્જરી
- ડો. મંથન પટેલ (M.CH)
- ડો. બ્રિજેશ પંચાલ (MS, M.CH)
- ડો. તુષિત મેવાડા (M.CH)

ઇન્ટરવેન્શનલ ન્યુરોલોજી
- ડો. દેવાશીષ વ્યાસ (MD, DNB & FNVI)
- ડો. તુષિત મેવાડા (M.CH)

24/7 Emergency Services Available

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે S.G. હાઇવે, અમદાવાદ.

એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક:
95122 00122
(No Hidden Charges)

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

ભીમ એકાદશીના પવિત્ર દિવસે શ્રી ઘનશ્યામ મહારાજને ૬૦૦૦ કિલો કેરીનો ફલકૂટ, અમદાવાદ ગુરુકુલ.
ફલકૂટનો પ્રસાદ અમદાવાદ શહેરના દરિદ્રનારાયણને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ.નિ. પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં અમદાવાદ ગુરુકુલ ખાતે ૮૫ કલાકની
અખંડ ધૂનમાં ઉપસ્થિત ભક્તજનો તથા ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રીઘનશ્યામ મહારાજનું પૂજન કરતા સદ્‌ગુરુ સંતો.

To.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shambhagat

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-